મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

G NEWS ગરવી તાકાત LIVE

૨૫-૧૨-૨૦૨૪
બુધવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૬૪
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂ.3-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

## મંત્રી સહિતના મહાનુભાવોએ શરૂઆતથી અંત સુધી આ પદયાત્રામાં જોડાઈને યુવાઓનો ઉત્સાહ વધાર્યો

# પીએમ મોદીના વતન વડનગરમાં ડૉ.મનસુખ માંડવિયાના નેતૃત્વમાં યોજાઈ આઠ કિલોમીટર લાંબી ઐતિહાસિક ‘માય ભારત સુશાસન દિવસ પદયાત્રા’

**કેન્દ્રીય મંત્રી સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે આર્મીના જવાનો અને જિલ્લાના યુથ આઈકોનને સન્માનિત કરવામાં આવ્યા**

**મંત્રી સહિતના મહાનુભાવોએ એક પેડ માઁ કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરી, વિવિધ સ્ટોલની મુલાકાત લીધી**

**વિકસિત ભારતના નિર્માણમાં યુવાઓ અને મહિલાઓની ભૂમિકા અંગે યુવાઓ પાસેથી મંતવ્યો મંગાવવામાં આવ્યા**

**કેન્દ્રીય મંત્રીશ્રી ડૉ. મનસુખ માંડવિયા My Bharat પોર્ટલ યુવાઓની આશાઓ, આકાંક્ષાઓની પૂર્તિ કરે છે**







(ગરવી તાકાત) મહેસાણા તા.૨૪

ભારતના બંધારણની ૭૫મી વર્ષગાંઠની એક વર્ષ સુધી ચાલનારી ઉજવણીના ભાગરૂપે તથા દેશના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી શ્રદ્ધેય અટલ બિહારી વાજપેઈજીની ૧૦૦મી જન્મજયંતિની ઉજવણી અંતર્ગત કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત શ્રમ અને રોજગાર મંત્રી ડો.મનસુખ માંડવિયાના નેતૃત્વમાં આજ રોજ મહેસાણાના વડનગર ખાતે ૮ કિલોમીટર લાંબી સ્અ મ્રટ્ટિં સુશાસન દિવસ પદયાત્રા યોજાઈ હતી. જેમાં કેન્દ્રીય યુવા બાબતો અને ખેલ રાજ્ય મંત્રી શ્રીમતી રક્ષા ખડસે, રાજયના આરોગ્યમંત્રીશ્રી ઋષિકેષભાઈ પટેલ, ગૃહ, રમતગમત, યુવા બાબતો અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રીશ્રી હર્ષ સંઘવી સહિત અન્ય વરિષ્ઠ નેતાઓ આ ઐતિહાસિક પદયાત્રામાં શરૂઆતથી લઈને અંત સુધી સહભાગી થયા હતા.

કાર્યક્રમના પ્રાસંગિક ઉદબોધન દરમ્યાન મંત્રીશ્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાએ જણાવ્યું હતું કે “ભારતરત્ન પૂર્વ વડાપ્રધાન શ્રદ્ધેય અટલ બિહારી વાજપેઈજીના જન્મ દિવસને સુશાસન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. દર મહિને બે સ્થળો પર આવી પદયાત્રા યોજવામાં આવશે. સ્અ મ્રટ્ટિંનો આ કાર્યક્રમ યુવાનોનો કાર્યક્રમ છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજી કહે છે કે વિકસિત ભારતમાં યુવાનોની ભાગીદારી હોવી જોઈએ. વર્ષ ૨૦૪૭માં દેશને વિકસિત દેશ બનાવવા માટે સ્અ મ્રટ્ટિંને સિંગલ વિન્ડો તરીકે જોવું જોઈએ. સ્અ મ્રટ્ટિં પ્લેટફોર્મ પર અત્યાર સુધી ૧.૬૫ કરોડ યુવાનો જોડાયા છે. આ પ્લેટફોર્મ નેશનલ કેરિયર સાથે કનેક્ટ કરે છે. વિશ્વની ૩૫ લાખથી વધુ કંપનીઓ આ પ્લેટફોર્મ પર જોડાઈ છે. વધુમાં તેમણે ઉમેર્યું હતુ કે સ્અ મ્રટ્ટિં પોર્ટલ યુવાઓની આશાઓ, આકાંક્ષાઓની પૂર્તિ કરે છે. સંઘર્ષ અને સમર્પણથી નવા ભારતના નિર્માણ માટે યુવાનોને પોતાના કર્તવ્યનું નિર્વહન કરવા મંત્રીશ્રીએ આહ્વાન કર્યુ હતું..

કેન્દ્રીય મંત્રીશ્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતુ કે દેશ બદલાઈ રહ્યો છે, મોદીજીના નેતૃત્વમાં દેશ આગળ વધી રહ્યો છે. નવા ભારતનું નિર્માણ થઈ રહ્યું છે. આ નવા ભારતના નિર્માણમાં દેશના યુવાઓની ભાગીદારી કઈ રીતે સુનિશ્ચિત કરી શકાય તેવા પ્રયાસો કરાઈ રહ્યા છે. મોદીજીએ કહ્યું કે દર વર્ષે યુવક મહોત્સવનું આયોજન થાય છે, પરંતુ આ વર્ષે યુવક મહોત્સવનું આયોજન અલગ રીતે થઈ રહ્યું છે. ૨૫ નવેમ્બરથી ૧૦ ડિસેમ્બર સુધી સ્અ મ્રટ્ટિં પ્લેટફોર્મ પર આ વખતે નેશનલ યુથ ફેસ્ટિવલ અંતર્ગત ૧૫ દિવસ માટે સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ૩૦ લાખ યુવાનોએ ભાગ લીધો હતો. જેમાંથી ૨ લાખ યુવાનો પાસેથી વિકસિત ભારત અંગે યુવાઓ અને મહિલાઓની ભાગીદારી બાબતે મંતવ્યો મંગાવવામાં આવ્યા હતા. જેમાંથી ૩૫ હજાર યુવાનોએ વિકસિત ભારત બાબતે તેમના મંતવ્યો આપ્યા હતા. જેનું પૃથ્થકરણ કરીને સમગ્ર દેશમાંથી ૧૫૦૦ યુવાનોને યુથ ફેસ્ટિવલમાં આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પદયાત્રાના માર્ગ પર વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.જેમાં થીમ આધારિત સેલ્ફી પોઈન્ટ્સ, યાદગાર પળોને કેપ્ચર કરવા માટે ખાસ ડિઝાઈન કરેલા સ્થળો તૈયાર કરાયા હતા. આઠ કિલોમીટર લાંબી પદયાત્રામાં વિવિધ સ્થળોએ આરોગ્યના સ્ટોલ રાખવામાં આવ્યા હતા તેમજ નગરજનો દ્વારા ઠેર ઠેર પુષ્પોથી પદયાત્રીઓનું સ્વાગત કરાયું હતું. પદયાત્રામાં દેશવીરોની વેશભૂષા તેમજ દેશભક્તિના ગીતોથી વાતાવરણ દેશભક્તિમય બન્યુ હતું.

પદયાત્રા અગાઉ કેન્દ્રીય મંત્રીશ્રી સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે આર્મીના જવાનો અને જિલ્લાના યુથ આઈકોનને સન્માનિત કરવામાં આવ્યા. પદયાત્રામાં કોલેજો, એનજીઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓના હજારો યુવાઓ સહભાગી બન્યા હતા..આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન જિલ્લા કલેક્ટરશ્રી એમ. નાગરાજને કર્યુ હતુ. બાદમાં મંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ એક પેડ માઁ કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરી, વિવિધ સ્ટોલની મુલાકાત લીધી હતી.

આ પદયાત્રામાં મહેસાણા જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી તૃષાબેન પટેલ, રાજયસભાના સાંસદશ્રી મયંકભાઈ નાયક, મહેસાણા લોકસભા સાંસદશ્રી હરિભાઈ પટેલ, પાટણ લોકસભા સાંસદશ્રી ભરતસિંહ ડાભી તેમજ ધારાસભ્ય સર્વશ્રી મુકેશભાઈ પટેલ, સુખાજી ઠાકોર, ડો. સીજે ચાવડા, સરદારભાઈ ચૌધરી, અગ્રણીશ્રી ગીરીશભાઈ રાજગોર કલેકટરશ્રી એમ નાગરાજન, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ. હસરત જૈસમીન સહિત મોટી સંખ્યામાં યુવાઓ અને નગરજનો ઉત્સાહપૂર્વક સહભાગી બન્યા હતા.

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ મહેસાણાની કોર્ટમાં**
**વણીકર કલબ પાસે, મ્યુનિસીપલ ગ્રાઉન્ડ સામે, મહેસાણા-૩૮૪૦૦૧**

નં.એ.ડી.એમ/વશી/૪૨૬/૨૦૨૪ તા.૨૮/૧૧/૨૦૨૪

### જાહેર નોટીસ

અરજદાર : ચૌધરી કાનજીભાઈ લવજીભાઈ
રહે, બામોસણા તા.જિ. મહેસાણા
વિરૂદ્ધ
સામાવાળાઃ (૧) જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી/તલાટી કમ મંત્રીશ્રી,
બામોસણા ગ્રામ પંચાયત, તા.જિ. મહેસાણા
(૨) આચાર્યશ્રી, અનુપમ પ્રાથમિક શાળા બામોસણા
જન્મ નોંધણી :-

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના કૌટુંબિક ભાઈ નામે ‘ચૌધરી બાબુભાઈ લાલજીભાઈ’ નો જન્મ ‘તા.૨૮/૦૬/૧૯૫૯’ ના રોજ ગામ બામોસણા તા.જિ. મહેસાણા મુકામે થયેલ પરંતુ નિયમોની જાણના અભાવના કારણે તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ નોંધણી કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા વાંધા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૮/૧૨/૨૦૨૪ના રોજ મારી સહિ તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો

કોર્ટનો સિક્કો

સહિ/-
એકઝીક્યુટીવ મેજીસ્ટેટ
મહેસાણા (ગ્રામ્ય)

## બિલ્ડરો સાથે આર્થિક રીતે સંકળાયેલા મોટા ગ્રૂપની વિગતો મળી

# મહેસાણાના મોટા ગ્રૂપ ટ્રોગોન, રાધે, ધરતી સાકેતના દરોડાનો રેલો અમદાવાદના એક મોટા ગ્રૂપ સુધી પહોંચ્યો

અમદાવાદ, તા.૨૪

દિવાળી પૂરી થયા બાદ આયકર વિભાગે ગુજરાતમાં મોટા પાયે દરોડા પાડીને તપાસ કરી હતી. જેમાં મહેસાણાના મોટા ગ્રૂપ ટ્રોગોન, રાધે અને ધરતી સાકેતની ૩૬ પ્રિમાઈસીસ પર દરોડા પાડીને ૫૦૦ કરોડના બિનહિસાબી વ્યવહારો શોધી કાઢવામાં આવ્યા હતા. આ ગ્રૂપ સાથે સંકળાયેલા વેપારીઓની મોરબી અને રાજકોટની ઓફિસો પર પણ દરોડા પાડવામાં આવ્યા હતા. લગભગ અઠવાડિયા સુધી ચાલેલી તપાસમાં ઘણી લિન્ક અને શંકાસ્પદ વ્યવહારોની વિગતો મળી હતી. મોટા પ્રમાણમાં ડિજિટલ ડેટા પણ મળ્યા હતા. ઘણા બિલ્ડરો, ઈન્વેસ્ટરો અને ભાગીદારોની વિગતો મળી હતી. ડિપાર્ટમેન્ટ દ્વારા આ તમામ વિગતોની સ્ક્રુટિની શરૂ કરવામાં આવી છે. જેમાં આ બિલ્ડર ગ્રૂપ સાથે સંકળાયેલા અમદાવાદના મોટા ગ્રૂપની કડીઓ મળી છે. હવે આ દિશામાં તપાસ કરાશે. આ પ્રકરણની તપાસમાં સીધું દિલ્હીથી મોનિટરિંગ થઈ રહ્યું છે. ઘણા લાંબા સમય સુધી શાંતિ રાખ્યા બાદ મોરબીમાં ડિપાર્ટમેન્ટ દ્વારા દરોડા પાડીને સર્ચ કરવામાં આવ્યું હતું. જેમાં મોટું રોકાણ મહેસાણાના બિલ્ડર ગ્રૂપ ટ્રોગોન, રાધે અને ધરતી સાકેતનું હોવાનું સામે આવ્યું હતું. જેને પગલે ૧૫૦થી વધુ અધિકારીએ આ ગ્રૂપની અમદાવાદ ખાતેની ૨૫ પ્રિમાઈસિસ સહિત મહેસાણા, ગાંધીનગર, હિંમતનગર સહિત કૂલ ૩૬ પ્રિમાઈસીસ પર દરોડા પાડીને તપાસ કરી હતી. તપાસમાં ૫૦૦ કરોડના બિન હિસાબી વ્યવહારો, ૧૦ કરોડ રોકડા અને ઝવેરાત મળી આવી હતી. દરોડા પાદ ડિજિટલ ડેટા અને દસ્તાવેજોની તપાસ ચાલી રહી છે. આ તપાસમાં ડિપાર્ટમેન્ટને અમદાવાદના મોટા બિલ્ડર ગ્રૂપની વિગતો મળી છે કરોડાના વ્યવહારોની પણ વિગતો સામે આવી રહી છે. જેને પગલે હવે આ દિશામાં તપાસ કરવામાં આવી રહી છે.આ બિલ્ડર ગ્રૂપ રોકડા રૂપિયા આંગડિયા પેઢી મારફતે ટ્રાન્સફર કરતા હતા. ગાંધીનગરની એક આંગડિયા પેઢીની જુદી જુદી બ્રાચમાં કરોડો રૂપિયાના હવાલા પાડવામાં આવ્યા હોવાની વિગતો પણ ડિપાર્ટમેન્ટના ધ્યાને આવી હતી. જેને પગલે આ દિશામાં પણ તપાસ ચાલી રહી છે.

**દિવાળી પૂરી થયા બાદ આયકર વિભાગે ગુજરાતમાં મોટા પાયે દરોડા પાડીને તપાસ કરી હતી**




**ગાંધીનગરની એક આંગડિયા પેટીની જુદી જુદી બ્રાચમાં કરોડો રૂપિયાના હવાલા પાડવામાં આવ્યા હોવાની વિગતો પણ ડિપાર્ટમેન્ટના ધ્યાને આવી હતી. જેને પગલે આ દિશામાં પણ તપાસ ચાલી રહી છે.**




# આઈપીઓમાં રોકાણ કરવામાં ગુજરાત રાજ્ય દેશમાં અવ્વલ

શેરબજારમાં રોકાણ કરવામાં ગુજરાતીઓ આગળ રહ્યા છે. છેલ્લા ૩ વર્ષમાં શેરબજારમાં જોવા મળી રહેલી અભૂતપૂર્વ તેજીના કારણે તેમજ પ્રાયમરી માર્કેટમાં ઈનિશિયલ પબ્લિક ઓફર માં રોકાણકારોને લિસ્ટિંગના દિવસે જ મળતા વળતરના કારણે હવે ગુજરાત આઈપીઓમાં અરજી કરવામાં અને રોકાણ કરવામાં દેશમાં પહેલું રાજ્યું બન્યું છે. આ ઉપરાંત હૈદરાબાદ, બેંગ્લોર કે દિલ્હી જેવા શહેરોને પાછળ રાખી ગુજરાતના નાના શહેરોમાંથી આઈપીઓમાં વધારે રોકાણ થઈ રહ્યું છે. વર્ષ ૨૦૨૧-૨૨માં આઈપીઓમાં થયેલા કુલ ભરણમાં (એલોટમેન્ટ નહીં, કુલ અરજીની રકમ)ની દ્રષ્ટિએ ૮.૬૯ લાખ કરોડ રૂપિયા સાથે મહારાષ્ટ્ર પહેલા સ્થાને અને ૮૮,૮૧૯ કરોડ રૂપિયા સાથે ગુજરાત દેશમાં બીજા સ્થાને હતું. એ પછી વર્ષ ૨૦૨૨-૨૩માં મહારાષ્ટ્રમાંથી કુલ ૩૨, ૮૮૭ કરોડ રૂપિયા સામે ગુજરાતમાંથી ૨૧,૯૬૦ કરોડની અરજીઓ થઈ હતી. પરંત ૨૦૨૩-૨૪માં ૧,૩૫,૦૫ કરોડ રૂપિયા સાથે ગુજરાત પ્રથમ ક્રમે અને ૯૪,૬૧૭ કરોડ રૂપિયા સાથે મહારાષ્ટ્ર બીજા ક્રમે આવી ગયું હતું.IPOમાં રોકાણ કરતા દેશના ૨૦ શહેરોમાં ગુજરાતના ૯ શહેરોનો સમાવેશમુંબઈ દેશની આર્થિક રાજધાની છે, દેશની નાણા સંસ્થાઓ અને રોકાણકારની દ્રષ્ટિએ દેશમાં અવ્વલ હોવા છતાં ગુજરાત હવે તેનાથી આગળ નીકળી ગયું છે. ટોચના શહેરો કે જ્યાંથી આઈપીઓમાં રોકાણ આવે છે તેમાં મુંબઈ હજી પણ દેશમાં સૌથી આગળ છે. પરંતુ આઈપીઓમાં કુલ રોકાણમાં સૌથી વધુ હિસ્સો ધરાવતા ટોચના ૨૦ શહેરોમાં ગુજરાતના ૯ શહેરોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, સુરેન્દ્રનગર, ગાંધીનગર, મહેસાણા અને જામનગર જેવા નાના કેન્દ્રો પણ આ ટોચના ૨૦ શહેરોની યાદીમાં જોવા મળે છે.વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૭ શહેરો હતા જે હવે વધીને ૯ થઈ ગયા છે. ભુજ હવે ટોચના શહેરોની યાદીમાં નથી પણ સામે સુરેન્દ્રનગર, જામનગર, મહેસાણા જેવા શહેરોનો ઉમેરો થયો છે. ઉપલબ્ધ વિગતો વધુમાં દર્શાવે છે કે બેંગ્લોર, પૂણે, હૈદરાબાદ કે ચેન્નાઈ જેવા મેટ્રો સેન્ટર આ યાદીમાં ગુજરાતના મોટાભાગનાં શહેરો કરતા પાછળના ક્રમે આવે છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## જોગવાઈમાં ફેરફારને પગલે સાયન્સ તરફ વિદ્યાર્થીઓ આકર્ષાશે

# હવે સાયન્સમાં ગ્રૂપ બદલીને પણ અભ્યાસ કરી શકાશે

## ધો.૧૧ સાયન્સમાં પાસ થયેલો વિદ્યાર્થી ધો.૧૨ સાયન્સમાં ગમે તે ગ્રૂપ લઈ શકશે

અમદાવાદ, તા.૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાની જોગવાઈમાં સુધારો કરવામાં આવ્યો છે. જેમાં હવે ધો.11 સાયન્સમાં પાસ થયેલો વિદ્યાર્થી ધો.12 સાયન્સમાં ગમે તે ગ્રૂપ પસંદ કરી અભ્યાસ કરી શકશે. આ ઉપરાંત ધો.11 સાયન્સમાં બીજા સત્રના અંત સુધીમાં પણ ગ્રૂપ બદલી અભ્યાસ કરી શકે તેવી જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત ધો.12 સાયન્સમાં ગ્રૂપ-Bમાં નાપાસ થયેલો વિદ્યાર્થી પુનઃ પરીક્ષાર્થી તરીકે ગ્રૂપ-A અથવા ગ્રૂપ-AB પસંદ કરી શકશે. જ્યારે ધો.12 સાયન્સમાં ગ્રૂપ-Bમાં પાસ વિદ્યાર્થી પૂરક પરીક્ષામાં ગણિત વિષય સાથે પૃથ્થક વિદ્યાર્થી તરીકે પરીક્ષા આપી શકે તેવી જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી પરીક્ષાની જોગવાઈમાં સુધારો કરવામાં આવ્યો છે. આ સુધારાના પગલે વિદ્યાર્થીઓને મોટા પ્રમાણમાં લાભ થશે. પરીક્ષાની જોગવાઈમાં સુધારો કરવા માટે સરકાર સમક્ષ દરખાસ્ત કરવામાં આવી હતી. દરખાસ્તના અનુસંધાને શિક્ષણ વિભાગે ઠરાવ બહાર પાડ્યો છે. જેમાં પરીક્ષાને લઈને મહત્વના સુધારા કરવામાં આવ્યા છે. શિક્ષણ બોર્ડની પરીક્ષાની જોગવાઈમાં કરવામાં આવેલા સુધારામાં બોર્ડની મુખ્ય પરીક્ષામાં ધો.12 સાયન્સમાં ગ્રૂપ-B સાથે પાસ થયેલા વિદ્યાર્થી ઈચ્છે તો જે વર્ષે ગ્રૂપ-B સાથે પરીક્ષા પાસ કરી છે તે વર્ષની મુખ્ય પરીક્ષા પછીની તરત જ આવતી પૂરક પરીક્ષા અથવા તો તે પછીના વર્ષોની મુખ્ય પરીક્ષા અથવા પૂરક પરીક્ષા ધો.12 ગણિત વિષય સાથે પૃથ્થક વિદ્યાર્થી તરીકે આપી શકશે. હાલના નિયમમાં આ પ્રકારની જોગવાઈ ન હતી. પરંતુ સુધારેલી જોગવાઈ અનુસાર આ જોગવાઈ કરવામાં આવી છે. જેથી B ગ્રૂપના વિદ્યાર્થીઓ વર્ષ બગાડ્યા વગર જ ગણિત સાથે પરીક્ષા પાસ કરી ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવી શકશે. આ ઉપરાંત હાલની જોગવાઈ અનુસાર, બોર્ડની જાહેર પરીક્ષાનો પુનઃ પરીક્ષાર્થી વિષય જૂથની મર્યાદામાં વિષય ફેરફાર કરી શકશે. પરંતુ સુધારેલી જોગવાઈ અનુસાર, બોર્ડની જાહેર પરીક્ષાનો પુનઃ પરીક્ષાર્થી વિષય જૂથની મર્યાદામાં વિષય ફેરફાર કરી શકશે તથા ધો.12 સાયન્સમાં ગ્રૂપ-B સાથે નાપાસ થયેલા વિદ્યાર્થી પુનઃ પરીક્ષાર્થી તરીકે ગ્રૂપ- Bના બદલે ગ્રૂપ-A અથવા ગ્રૂપ- AB પસંદ કરી પરીક્ષા આપી શકશે. જેથી વિદ્યાર્થી નાપાસ થયા બાદ પોતાનો ગ્રૂપ બદલીને બાકીના બે ગ્રૂપ પૈકી ગમે તે ગ્રૂપ લઈ શકશે. હાલની જોગવાઈ અનુસાર ધો.11 સાયન્સનો વિદ્યાર્થી પ્રથમ સત્રના અંત સુધીમાં ગ્રૂપ-A, B અને ABમાંથી કોઈ પણ ગ્રૂપ બદલીને ફેરફાર કરી શકશે. જોકે, સુધારેલી જોગવાઈ અનુસાર ધો.11 સાયન્સનો વિદ્યાર્થી પ્રથમ સત્રના અંત સુધીમાં અથવા બીજા સત્રના અંત સુધીમાં ગ્રૂપ-A અથવા ગ્રૂપ-B અથવા ગ્રૂપ- ABમાંથી કોઈ પણ ગ્રૂપ બદલીને ધો.11નો અભ્યાસ કરી શકશે. ઉપરાંત જો કોઈ વિદ્યાર્થી ધો.11 સાયન્સમાં ગ્રૂપ-A અથવા ગ્રૂપ-B અથવા ગ્રૂપ-AB સાથે ઉત્તિર્ણ થયેલા હોય તો તે ધો.12 સાયન્સમાં કોઈ પણ ગ્રૂપ પસંદ કરીને અભ્યાસ કરી શકશે. હાલમાં ધો.12 સાયન્સમાં દરવર્ષે સવા લાખ જેટલા વિદ્યાર્થીઓ નોંધાતા હોય છે. પરંતુ પરીક્ષાની જોગવાઈમાં કરવામાં આવેલા સુધારાના પગલે વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થવાની શક્યતા છે. વિદ્યાર્થી ધો.11માં ગમે તે ગ્રૂપ પસંદ કરે અને અધવચ્ચે તે ગ્રૂપ બદલવા માંગતો હોય તો તેને છુટ મળશે.

## બૂટલેગરો બાળકો પાસે દારૂની પેટીઓ ઉતરાવતો વીડિયો વાયરલ થયો હતો

# પોલીસને પડકાર ફેંકતો વીડિયો વાયરલ થતાં સ્ટેટ મોનિટરિંગ સેલે ફરિયાદ નોંધાવી

અમદાવાદ, તા.૨૪

ગુજરાતમાં દારૂનું દૂષણ સતત વધી રહ્યું છે ત્યારે સોશિયલ મીડિયા પર રાજસ્થાનથી ગુજરાતમાં દારૂની ડિલિવરી કરવાના વીડિયો વાયરલ થયો હતો. આ વીડિયોમાં બાળકો દારૂની પેટીઓ ઉતારતા હોવાનું દર્શાવવામાં આવતું હતું. આ અંગે રાજયના પોલીસ વડાએ સ્ટેટ મોનિટરિંગ સેલને તપાસ સોંપી હતી. તપાસ દરમિયાન આ વીડિયો વાયરલ કરવાના કેસમાં પોલીસ ફરિયાદ નોંધીને તપાસ શરૂ કરવામાં આવી છે. આ પ્રકરણમાં પોલીસે વીડિયો વાયરલ કરનારની તલાશ આદરી છે, જેમાં બે સગીર હોવાનું ખૂલ્યું છે. બૂટલેગરો પોલીસ અને અન્યથી બચવા માટે દારૂની ખેપ મારતી વખતે પોતાની સાથે બાળકો રાખતા હોય છે જેથી સલામત રીતે દારૂની ખેપ મારી શકાય.થોડા દિવસ પહેલા સોશિયલ મીડિયા પર રાજસ્થાન ગુજરાતમાં દારૂની ડિલિવરીના વીડિયો વાયરલ થયા હતા. જેમાં દારૂની ડિલિવરી કરવા જતાં બૂટલેગરો પોતાની સાથે નાના બાળકોને રાખતા હતા. બનાસકાંઠામાં આ વીડિયો વાયરલ કરવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન આ વીડિયો જુદા જુદા ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર અપલોડ કરવામાં આવ્યો હતો. ચાર ઈન્સ્ટગ્રામ આઈડી પ્લેટફોર્મ પરથી વીડિયો વાયરલ કરાયા હોવાનું જણાયું હતું. આ વીડિયોમાં જોવા મળે છે કે એક ગાડીમાં દારૂની ડિલિવરી કરવામાં આવી રહી છે. જયારે પાછળની સીટમાં દારૂનો જથ્થો રાખવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન આ ચાર આઈડી પૈકી એક દશરથ ઠાકોરનું, એક સ્વરૂપસિંહ લવારા અને બે એકાઉન્ટ સગીરના હોવાનું જાણી શકાયું છે. આ અંગે તપાસ ચાલી રહી છે. આવા તત્ત્વો દ્વારા પોલીસને પડકાર ફેંકવામાં આવતી ઘટનાઓને લઈને રાજ્યમાં બૂટલેગરોની હિંમત વધી ગઈ હોવાનું સાબિત થઈ રહ્યું છે. રાજ્ય પોલીસ વડાએ આવા તત્ત્વોને ડામી દેવાની પ્રક્રિયા હાથ ધરી છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**<u>મેષ (અ.લ.ઈ)</u> આ રાશિના જાતકોને જમીન મિલકતને લગતા કાર્યોમાં રાહત જણાય તેમજ કામકાજમાં સાધારણ ઉચાટ જણાશે અને વિવાદિત કાર્યોથી દૂર રહેવું, વડીલ વર્ગની આરોગ્ય બાબતે ચિંતા રહે**

**<u>વૃષભ (બ.વ.ઉ)</u> પારિવારિક વાતાવરણમાં સુમેળ જણાય અને આવક-જાવકનું પ્રમાણ જળવાઈ રહે તેમજ માનસિક ચિંતાઓ રહેશે અને પતિ-પત્નીના વિચારોમાં અસમાનતા રહેશે**

**<u>મિથુન (ક.છ.ઘ)</u> આ રાશિના જાતકોને ભૌતિક સુખ-સુવિધામાં વધારો જણાય તેમજ માનસિક શ્રમમાંથી મુક્ત બનો, કામના ભારને હળવો કરી શકશો તેમજ સહકર્મચારીના સંબંધોમાં સુધારો જણાશે**

**<u>કર્ક (ડ.હ)</u> આ રાશિના જાતકોને સાંસારિક જીવનમાં સામાન્ય ચિંતા જણાય તેમજ બહારગામના કામકાજથી લાભ જણાય અને સંતાનોના પ્રશ્નોમાં સાનુકૂળતા જણાય તેમજ કામકાજમાં સફળતા અને પ્રગતિ જણાય**

**<u>સિંહ (મ.ટ.)</u> અન્યના કારણે કામમાં મુશ્કેલી સર્જાય અને મોસાળપક્ષે સામાન્ય ચિંતા જણાય તેમજ કાનૂની-ખાતાકીય કામકાજમાં સંભાળવું તેમજ માનસિક અશાંતિમાં રાહત અનુભવશો**

**<u>કન્યા (પ.ઠ.ણ.)</u> આ રાશિના જાતકોને નોકરી ધંધા માટે પ્રવાસના યોગ બને અને વેપાર-વાણિજ્યમાં નવી મુલાકાતથી લાભ થશે તેમજ ઉત્તમ આનંદ મેળવી શકશો, ધન પ્રાપ્તિ માટે મહેનત કરવી પડશે**

**<u>તુલા (ર.ત.)</u> આ રાશિના જાતકોને મિત્રો, સ્નેહીજનોની મુલાકાત લાભ કરાવે તેમજ હિસાબી કામકાજમાં સાવધાની રાખવી અને આકસ્મિક ફાયદાની શક્યતા પ્રબળ જણાય, નોકરી ધંધામાં સામાન્ય ફેરફારીની શક્યતા**

**<u>વૃશ્ચિક (ન.ય.)</u> ઉપરી અધિકારી વર્ગથી પરેશાની જણાય તેમજ વિવાદિત કાર્યોમાં અંતર રાખી કામ લેવું અને ઘરમાં આનંદનું વાતાવરણ સર્જાય તેમજ આરોગ્યની ખાસ કાળજી લેવી**

**<u>ધન (ભ.ધ.ફ.ઢ.)</u> આ રાશિના જાતકોને પારિવારિક કામમાં વ્યસ્ત રહેશો તેમજ અગત્યના નિર્ણયમાં ઉતાવળ કરવી નહીં, વાણી-વ્યવહારમાં નમ્રતા રાખવી તેમજ સગા-સંબંધીઓમાં તણાવ જણાશે**

**<u>મકર (ખ.જ.)</u> વ્યવહારમાં ભાગાદોડી અને ખર્ચ રહેશે અને જીવનસાથી સંતાનોના કામમાં સાનુકૂળતા રહેશે તેમજ થોડી બેચેની અને કામની ચિંતા રહેશે અને કામકાજ સામાન્ય સંભાળીને કરવું**

**<u>કુંભ ( ગ.શ.સ.ષ.)</u> આ રાશિના જાતકોને પારિવારિક સંબંધોમાં મુશ્કેલી જણાશે તેમજ વિવાદિત કાર્યોમાં સાચવીને કામ કરવું અને વિલંબમાં પડેલા કાર્યો ઉકેલાશે તેમજ માનસિક અસ્વસ્થતા અનુભવશો**

**<u>મીન (દ.ચ.ઝ.થ.)</u> આ રાશિના જાતકોને વિલંબમાં પડેલા કામો પૂરાં થશે અને ધર્મકાર્યમાં યાત્રા-પ્રવાસ થાય, કામની હળવાશ અનુભવશો અને દૈનિક વ્યવસાયથી લાભ થશે**




સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

વિકસિત ભારત
વિકસિત ગુજરાત



ભારતના પૂર્વ વડાપ્રધાન અને ભારતરત્ન

# શ્રી અટલ બિહારી વાજપેયીને

જન્મજયંતી પર કોટિ કોટિ વંદન...



## ૨૫મી ડિસેમ્બર
## સુશાસન દિવસ
ગુડ ગવર્નન્સ ડે

## સુશાસનને મળશે નવો આયામ

'મારી યોજના' પોર્ટલનું લોકાર્પણ

'સ્વાગત ૨.૦' અને 'કનેક્ટ ગુજરાત'નું લોકાર્પણ

વિજ્ઞાન અને તકનિકી વિભાગના પ્રકલ્પોનું લોકાર્પણ

શ્રમ અને રોજગાર વિભાગના નવા સેવા કાર્યોનું લોકાર્પણ

i-GoT પોર્ટલ પર સરકારી અધિકારીઓ-કર્મચારીઓના ક્ષમતા નિર્માણ માટેના ગુજરાત પેજનું અનાવરણ

સમય - સવારે ૧૧:૦૦ વાગે | સ્થળ - નર્મદા હૉલ, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર

ઉજવણી સુશાસનની, અટલ જનવિશ્વાસની

### પાંથાવાડા, ખોડા, અમીરગઢ સહિત તમામ ચેક પોસ્ટો પર સુરક્ષા ગોઠવી દેવામાં આવી છે

# થર્ટી ફસ્ટને લઈને બનાસકાંઠા જિલ્લાની તમામ બોર્ડર પર પોલીસ સુરક્ષા વધારાઇ, બ્રેથ એનેલાઈઝરથી તપાસ કરાશે

(ગરવી તાકાત) પાલનપુર તા.૨૪

બનાસકાંઠા જિલ્લા પોલીસ ચેકપોસ્ટ પર થર્ટી ફસ્ટ ને લઈ સુરક્ષામાં વધારો કરાયો છે. પોલીસ દ્વારા દરેક વાહનોને ઝીણવટભરી તપાસ કરી પ્રવેશ આપવામા આવી રહ્યો છે. જેમાં જિલ્લાની પાંથાવાડા, ખોડા, અમીરગઢ સહિત તમામ ચેક પોસ્ટો પર સુરક્ષા ગોઠવી દેવામાં આવી છે. રાજસ્થાનથી ગુજરાતમાં પ્રવેશ કરતા વાહન ચાલકોને પોલીસ દ્વારા બ્રેથ એનેલાઈઝરથી અને બોડી વોર્ન કેમેરાથી તપાસ કરવામાં આવી રહી છે.



**રાજસ્થાનથી ગુજરાતમાં પ્રવેશ કરતા વાહન ચાલકોને પોલીસ દ્વારા બ્રેથ એનેલાઈઝરથી અને બોડી વોર્ન કેમેરાથી તપાસ કરવામાં આવી રહી છે.**

ગુજરાજ-રાજસ્થાનને જોડતી બનાસકાંઠાની અતિસંવેદનશીલ ગણતી અમરીગઢ ચેકપોસ્ટ સહિત જિલ્લાની તમામ ચેકપોસ્ટ પર કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ છે. આવનાર થર્ટી ફસ્ટને લઈ રોઈ નશીલા પદાર્થો ગુજરાતમા ન ઘુસે એ હેતુથી બોર્ડર પર સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે.

ડીજીપીના આદેશ અનુસાર બનાસકાંઠાની રાજસ્થાનને જોડતી દરેક ચેકપોસ્ટ પર ૨૩ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર સુધી બોર્ડર પર ગુજરાત મા પ્રવેશતા દરેક વાહનોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે. જેમા અમીરગઢ ચેકપોસ્ટ પર બે પોલીસ સબ ઈન્સ્પેકટની સાથે પોલીસ જવાનો અને હોમગાર્ડ ચુસ્તપણે ૨૪ કલાક વાહન ચેકીંગ કરી રહ્યા છે.

રાજસ્થાનથી આવતી નાની ગાડીઓમા આવતાં શકમંદોની બ્રેથ એનેલાઈઝરથી અને બોડી વોર્ન કેમેરા દ્વારા તપાસ કરવામા આવી રહી છે. ઉલ્લેખનીય છે કે અમીરગઢ ચેકપોસ્ટ પર અવાર નવાર વીદેશી દારૂ અને ડ્રગસ જેવા નશીલા માદક પદાર્થો પકડવામાં આવે છેય આવનારી થર્ટી ફસ્ટમા આવી કોઈ ગુનાહીત પ્રવૃતિઓને અંજામ ન આપે એ માટે પોલીસ સતર્ક રહી કામગીરી કરી રહી છે.

### સંક્ષિપ્ત સમાચાર

## હિંમતનગર શહેરના પોલો ગ્રાઉન્ડ વિસ્તારમાં ભારે વાહનો પર પ્રતિબંધ

(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૩

હિંમતનગર શહેરની હદમાં આવતા મોતીપુરાથી મહેતાપુરા એન.જી સર્કલ સુધી ભારે વાહનોને પ્રવેશવા પર પ્રતિબંધ કરવામાં આવ્યો છે. પેરેમાઉન્ટ હોટલ સામેના રોડથી અંબર સિનેમા રોડ થી પોલોગ્રાઉન્ડ વિસ?તાર, મસ?જીદ રોડ થી સ?વામિનારાયણ મંદિર થી રેલ્વે ફાટક, સહકાર હોલ થી સંઘના પ્રેટ્રોલ પંપ સુધી પસાર થતાં રોડ – રસ?તા ઉપર તમામ ફોર વ્હીલ વાહનો જેવા ટ્રેકટરો, ટેમ્પો, ટ્રકોને પ્રવેશવા ઉપર પ્રતિબંધ ફરમાવતો હુકમ જિલ?લા કલેકટરશ્રી ડો રતનકંવર ગઢવીચારણએ કર્યો છે.

જિલ?લા કલેકટરશ્રીએ જાહેરનામામાં જણાવ્યું છે કે,પોલોગ્રાઉન્ડ વિસ?તારમાં રહેણાંક મકાનો, ધાર્મિક સ?થળો, સ?કુલો વગેરે હોવાથી આ વિસ?તારમાંથી પસાર થતાં રોડ ઉપર મોટી સંખ્યામાં લોકો અને વાહનોની અવર જવર થતી રહે છે. મોટા ભાગના લોકો મહાવીર નગરથી બહુમાળી ભવન આવવા જવા આ માર્ગનો ઉપયોગ કરે છે. જેથી આ માર્ગ પર ભારે ટ્રાફિકના કારણે અકસ?માતના બનાવો બનતા રહે છે. આ સમસ?યાનું નિવારણ લાવવા માટે ભારે વાહનો જેવા કે ટ્રકો, ટ્રેકટરો, ટેમ્પો જેવા વાહનો પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

આ જાહેરનામું તા. ૨૪/૦૨/૨૦૨૫ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય દંડ સંહિતાની કલમ- ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

### તુલસી પૂજનની હર્ષભેર ઉજવણી

## પાલનપુર સ્વસ્તિક ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં તુલસી પૂજનની હર્ષભેર ઉજવણી કરાઇ



(ગરવી તાકાત) પાલનપુર તા.૨૪

દુનિયાભરમાં ૨૫ ડિસેમ્બરે ક્રિસમસનું પર્વ ઉજવવામાં આવે છે, જ્યારે ભારતમાં મોટાભાગના લોકો આ દિવસને તુલસી પૂજન દિવસ તરીકે ઉજવતા જોવા મળતા હોઈ છે. ત્યારે પાલનપુરમાં આવેલ સોળગામ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ સંચાલિત સ્વસ્તિક ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં તુલસી પૂજનની હર્ષભેર ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે સ્વસ્તિક ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના શાળાના બાળકોએ ઉત્સાહભેર તુલસી પૂજન કાર્યક્રમમાં હાજર રહીને કાર્યક્રમને દીપાવ્યો હતો. આ પર્વ નિમિત્તે શાળા દ્વારા દરેક બાળકો પાસે તુલસી પૂજન કરાવી તેમને શુભકામનાઓ પાઠવી તુલસી પૂજાના મહત્વ વિશે ઉંડાણપૂર્વક સમજણ આપી જણાવાયું હતું કે, સનાતન ધર્મમાં તુલસીને માતા લક્ષ્મીનો અવતાર માનવામાં આવે છે, ઘરમાં તુલસીનો છોડ રાખી રોજ તેની પૂજા કરવાથી ઘરમાં સુખ સમૃદ્ધિ વધે છે અને માતા લક્ષ્મીનો વાસ હંમેશા ઘરમાં રહે છે. શાળા દ્વારા બાળકોને તુલસીનો છોડ ભેટ આપવામાં આવ્યો હતો જેથી બાળક આખા વર્ષ દરમિયાન પરિવાર સાથે તુલસી પૂજા કરી શકે. આ સમગ્ર કાર્યક્ર્મનું આયોજન સંસ્થાના પ્રમુખ રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આચાર્ય હેતલબેન રાવલ તેમજ સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

### જિલ્લાના મુખ્ય મથક પાલનપુર તાલુકાના પ્રમુખનું નામ હજી બાકી છે

## બનાસકાંઠા જિલ્લાના ભાજપે ૨૧ પ્રમુખોની યાદી કરી જાહેર, પાલનપુર તાલુકાના પ્રમુખનું નામ હજી બાકી

(ગરવી તાકાત) પાલનપુર તા.૨૪

ભાજપ દ્વારા સંગઠન પર્વની ઉજવણી દરમિયાન મંડલ પ્રમુખોની યાદી જાહેર કરવામાં આવી છે, જેમાં બનાસકાંઠા જિલ્લામાં ભાજપે ૧૩ તાલુકા સહિત ૨૧ પ્રમુખ નવા નિમવામાં આવ્યા છે. જેમાં ૬ શહેર અને ૨ ગ્રામ્ય પ્રમુખ નિમ્યા છેય જોકે, જિલ્લાના મુખ્ય મથક પાલનપુર તાલુકાના પ્રમુખનું નામ હજી બાકી છે. બીજી તરફ અમીરગઢ તાલુકા પ્રમુખ તરીકે યુવા ગણેશભાઈ રબારીને જાહેર કરતા લોકોમાં ખુશી જોવા મળી રહી છે.



કેન્દ્રીય ચૂંટણી સમિતિ માર્ગદર્શિકા મુજબ પ્રદેશ ચૂંટણી સમિતિ દ્વારા બુદ્ધ પ્રમુખ સમાજ તેમજ વિધાનસભા સંકલન સમિતિ સાથે સમાજ કરી સકારાત્મક અને સમાજતા સાથે મંડળ પ્રમુખોની ચૂંટણી પ્રક્રિયા સંપન્ન કરવામાં આવી છે, જેના આધારે બનાસકાંઠા જિલ્લાના મંડળ પ્રમુખનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ૧૩ તાલુકા સહિત ૬ શહેર અને ૨ ગ્રામ્ય પ્રમુખ નીમવામાં આવ્યા છે. જેમાં લાખણી તાલુકામાં હરિભાઈ પટેલ,ભાભર તાલુકામાં ભરતભાઈ કાપડી, ધાનેરા તાલુકામાં રમેશભાઈ રોજ, વાવ તાલુકામાં પ્રકાશભાઈ વ્યાસ, વડગામ તાલુકામાં કામરાજભાઈ ચૌધરી, દાંતીવાડા તાલુકામાં દિનેશભાઈ બોકા, દાતા તાલુકામાં વિરેન્દ્રસિંહ બડગુજર, કાંકરેજ તાલુકામાં નટવર કુમાર પટેલ, સુઈગામ તાલુકામાં લખમણભાઈ ચૌધરી, દિયોદર તાલુકામાં દિનેશભાઈ દવે, થરાદ તાલુકામાં હરચંદભાઈ ઠાકોર, અમીરગઢ તાલુકામાં ગણેશભાઈ રબારી, ડીસા તાલુકામાં સુમેરસિંહ વાઘેલા સહીત તાલુકા પ્રમુખો નિમવામાં આવ્યા છે.

શહેર પ્રમુખોની વાત કરવામાં આવે તો ભાભર શહેરમાં આપ પ્રવીણ સિંહ રાઠોડ, પાલનપુર શહેરમાં પ્રશાંત ગોહિલ, ધાનેરા શહેરમાં તરુણભાઈ મોદી, થરા શહેરમાં દિનેશભાઈ, થરાદ શહેરમાં જૈમિન પ્રજાપતિ, ડીસા શહેરમાં ડો,વર્ષાબેન પટેલ, તો ગ્રામ્ય વિસ્તારમાં અંબાજીમાં અભિષેક જૈન ભીલડીમાં ગમનસિંગ રાઠોડ કુલ ૨૧ પ્રમુખોની યાદી ભાજપ દ્વારા જાહેર કરવામાં આવી છે, પરંતુ પાલનપુર તાલુકા પ્રમુખનું નામ જાહેર કરવામાં આવ્યું નથી.

### તાલુકા હેલ્થ ઓફિસના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવ્યું

## કડીમાં ‘બેટી બચાવો, બેટી પઢાવો’ અંતર્ગત રેલી નું આયોજન કરવામાં આવ્યું



(ગરવી તાકાત) કડી તા.૨૪

કડી માં આવેલ વિડજ પ્રાથમિક શાળા તથા નાની કડી માં આવેલ શ્રી રાજીબેન ગાંડાલાલ પટેલ જનરલ નર્સિંગ સ્કૂલ ખાતે રેલી નું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં મહીલાઓ માં જાગૃતિ વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યું જેમાં મોટી સંખ્યામાં સ્કૂલ તથા કોલેજ ની બહેનો ઉપસ્થિત રહી હતી.સમાજને સક્ષમ બનાવવા દીકરીઓને શિક્ષિત કરવાના ઉદ્દેશ સાથે કડી માં બેટી બચાવો બેટી પઢાવો જાગૃતિ રેલી યોજાઈ હતી. બેટી બચાવો, બેટી પઢાવો અંતર્ગત ભ્રુણ હત્યા રોકવા, બાળકીઓનો જન્મ દર વધારવા, બાળકીઓમાં શિક્ષણનો દર વધે, દીકરીઓનો ડ્રોપ આઉટ રેશિયો ઘટે તે માટે રેલીના માધ્યમથી જાગૃતિ લાવવા માટે રેલી કાઢવામાં આવી હતી.

જેમાં કરણનગર ના મેડિકલ ઓફિસર કેયુર પટેલ, નાની કડી આરોગ્ય સ્ટાફ,શાળાના આચાર્ય અને શિક્ષકો તથા વિડજ ગામમાં પ્રાથમિક શાળા ના વિધાર્થીઓ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ રેલીમાં જોડાઈને ભાગ લીધો હતો.

### માહિતી કચેરીના કર્મયોગીઓ કંચનબેન બારોટ અને ઉર્મિલા પ્રજાપતિએ મંત્રીનું ફૂલોથી સ્વાગત કર્યું

## કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ મહેસાણા જિલ્લા માહિતી કચેરીના પ્રદર્શન સ્ટોલની મુલાકાત લીધી

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૪

આજરોજ વડનગર તાનારીરી ગાર્ડન ખાતે ભારતના બંધારણની ૭૫મી વર્ષગાંઠની એક વર્ષ સુધી ચાલનારી ઉજવણીના ભાગરૂપે તથા દેશના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી શ્રદ્ધેય અટલ બિહારી વાજપેઈજીની ૧૦૦મી જન્મજયંતિની ઉજવણી અંતર્ગત કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત શ્રમ અને રોજગાર મંત્રી ડો.મનસુખ માંડવિયાના નેતૃત્વમાં વડનગર ખાતે ૮ કિલોમીટર લાંબી સ્અ મ્ર્ક્ટ્રિં સુશાસન દિવસ પદયાત્રા યોજાઈ હતી. સુશાસન દિવસની પદયાત્રા કાર્યક્રમમાં જાહેર જનતાની જાણકારી માટે ખુલ્લા મુકવામાં આવેલા જિલ્લા વહીવટી તંત્રની વિવિધ કચેરીઓના પ્રદર્શન સ્ટોલની પણ કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાએ મુલાકાત લીધી હતી. તેમણે જિલ્લા માહિતી કચેરીના પ્રદર્શન સ્ટોલની મુલાકાત લઈને



વિવિધ પુસ્તકો અને પેમ્પ્લેટો નિહાળ્યા હતા. માહિતી કચેરીના કર્મયોગીઓ શ્રી કંચનબેન બારોટ અને ઉર્મિલા પ્રજાપતિએ સાહેબ નું ફૂલોથી સ્વાગત કર્યું હતું . કેન્દ્રીય મંત્રીશ્રીએ આ સાથે સંકલિત બાળ વિકાસ યોજના વડનગર ના આંગણવાડીના ઘટક સ્ટોલ, પ્રાકૃતિક ખેતીના સ્ટોલની , રોજગાર કચેરીના સ્ટોલ અને મેરા ભારત સ્ટોલની અને ઈ- ગવર્નન્સ સ્ટોલની પણ મુલાકાત લીધી હતી તેમની આ મુલાકાતમાં

ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ સાંસદ શ્રી મયંકભાઈ નાયક અને હરિભાઈ પટેલ તેમજ ધારાસભ્ય સર્વશ્રીઓ અને જિલ્લાના અગ્રણીઓ તેમજ જિલ્લા વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ પણ જોડાયા હતા.

### કડીમાં પણ અમિત શાહના નિવેદનને લઇને દેખાયો વિરોધ

## અમિત શાહના નિવેદનને લઇને મામલતદાર કચેરી ખાતે આવેદન પત્ર આપવામાં આવ્યું




(ગરવી તાકાત) કડી તા.૨૪

૧૭ ડિસેમ્બરના રોજ સંસદ ભવનમાં રાજ્યસભાની અંદર કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ દ્વારા બાબાસાહેબ આંબેડકર વિશે એક ટિપ્પણી કરવામાં આવી હતી. જેને લઈ ને સમગ્ર રાજ્ય માં હાલ ઠેર ઠેર વિરોધ જોવા મળી રહ્યા છે ત્યારે મહેસાણા જિલ્લા ના કડી તાલુકા માં પણ કોંગ્રેસ ના કાર્યકરો તથા દલિત સમાજ ના આગેવાનો સહીત મોટી સંખ્યામાં લોકો જોડાઈ ને અમિત શાહ ના નિવેદન ને લઈને વિરોધ પ્રદર્શન કર્યું હતું.

અમિત શાહે કહ્યું, ‘હવે આ એક ફેશન થઈ ગઈ છે. આંબેડકર, આંબેડકર, આંબેડકર, આંબેડકર... જો આટલી વખત ભગવાનનું નામ લીધું હોત તો સ્વર્ગ મળી ગયું હોત.’

અમિત શાહના સમગ્ર ભાષણના આ એક ભાગ ઉપર ભારે વિવાદ થઈ રહ્યો છે. અમિત શાહના નિવેદનની સામે કોંગ્રેસ પાર્ટીના નેતા તથા દલિત સમાજના આગેવાનો દ્વારા વિરોધ નોંધાવ્યો હતો

આ ટિપ્પણીને લઈને વિરોધ પક્ષ સહિત કેટલાક દલિત સંગઠનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સાથે સાથે અમિત શાહ માફી માંગે અને ગૃહમંત્રી પદ પરથી રાજીનામું આપે તે પ્રકારની પણ માંગણી કરવામાં આવી રહી છે. ત્યારે આજે કડી માં દલિત સમાજ તથા કોંગ્રેસ ના કાર્યકરો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો.

આજ રોજ દલિત સમાજ સંગઠન દ્વારા ‘અમિત શાહ રાજીનામું આપે અને સમગ્ર દેશની માફી માંગે‘ તે પ્રકારની માંગ સાથે રસ્તા પર ઉતરી નારાઓ ઊંચારી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો હતો. અંદાજિત ૩૦૦ થી વધુ દલિત સમાજ સંગઠનના લોકો દ્વારા મામલતદાર કચેરી ખાતે આવેદન પત્ર આપી વિરોધ નોંધાવ્યો હતો.

દલિત સમાજના સંગઠનના આગેવાનો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, ગૃહ મંત્રી અમિત શાહ દ્વારા બાબા સાહેબ આંબેડકર અંગે જે રાજ્યસભાની અંદર ટિપ્પણી કરવામાં આવી છે તે તદ્દન અયોગ્ય છે અને તેનાથી દેશની ૧૪૨ કરોડ જનતાનું અપમાન થયું છે. આથી અમિત શાહે રાજીનામું આપી દેવું જોઈએ અને સમગ્ર દેશની અને સમાજની માફી માગવી જોઈએ.

કડી મામલતદાર કચેરી ખાતે આવેદન પત્ર આપી રાજીનામા તથા માફીની માગણી કરવામાં આવી હતી. જેમાં કડી ના મોટી સંખ્યામાં દલિત સમાજે નોંધાવ્યો હતો વિરોધ જેમાં કડીના અલગ અલગ મુખ્ય માર્ગો ઉપર રેલી યોજી મામલતદાર કચેરી ખાતે આવેદન પત્ર આપવા ગયા હતા. અને માંગણીઓ ને સ્વીકારવામાં નહીં આવે તો આંદોલન ચાલું રાખી શું જેવી ચીમકી આપવામાં આવી હતી.

## સાબરકાંઠા જિલ્લામાં મકાન-દુકાન ભાડે આપતા પહેલા પોલીસને જાણ કરવી

(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૪

સાબરકાંઠા જિલ્લામાં આવેલ ઔધોગીક એકમોમાં પરપ્રાંતના માણસો કામ ધંધા અર્થે આવે છે. આવા સંજોગોમાં ત્રાસવાદી પ્રવૃતી સાથે સંકળાયેલ કોઇ વ્યક્તિ સ્થાનિકે ભાડેથી મકાન/દુકાન/ઔધોગીક એકમોની જગ્યા લઇ સ્થાનિક માણસો સાથે ભળી જઇ બદ ઈરાદો પાર ન પાડે તે માટે જાહેર જનતાની સલામતી તથા સુરક્ષા માટે તકેદારીના પગલા લેવા આવશ્યક જણાતા હોય જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ડૉ.રતનકંવર ગઢવીચારણ એ તેમને મળેલ સત્તાની રૂઈએ સાબરકાંઠા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઇ મકાન/દુકાન/ઔધોગીક એકમોના માલિક કે સંચાલક અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જયારે મકાન ભાડે આપે ત્યારે સંબંધીત પોલીસ સ્ટેશને વિગતો સહની જાણ કર્યા સિવાય કોઇ વ્યક્તિને મકાન/દુકાન/ઔધોગીક એકમોની જગ્યા ભાડેથી આપી શકશે નહીં. ભાડે આપેલ મકાન/દુકાન/ઔધોગીક એકમોની જગ્યાની વિગત ભાડુઆત અને સંબધીત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. આ જાહેરનામું તા. ૨૪/૦૨/ ૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

### ડો.પરેશભાઇ આર. પટેલની વિજયનગર તાલુકા ભાજપ મંડલ પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી

સંગઠન પર્વ ૨૦૨૪ -૨૫ અંતર્ગત વિજયનગર તાલુકા ભાજપ મંડલ પ્રમુખ તરીકે યુવાન અને શિક્ષિત એવા ડો.પરેશભાઈ આર. પટેલની નિમણૂક કરવામાં આવી છે. યુવાનના પ્રિય અને નિખાલસ સ્વભાવ ધરાવતા ડો. પરેશભાઈ પટેલને પ્રમુખ પદ મળતા સમગ્ર વિજયનગર તાલુકામાં હર્ષની લાગણી છવાઈ છે. વિવિધ સમાજમાંથી અભિવાદન અભિનંદન ને વર્ષા થઈ રહે છે.



## સશસ્ત્ર દળોના ગણવેશનો બીન અધિકૃત વેચાણ ઉપર પ્રતિબંધ

(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૪

રાજયના વિવિધ શહેરોમાં સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ તથા તેની સામ્ય ધરાવતા વસ્ત્રોનુ વેચાણ તેનો ઉપયોગ થતો હોય છે. આવા વસ્ત્રો ધારણ કરી અસામાજિક તત્વો દ્વારા દેશદ્રોહી/ ગેર કાયદેસર પ્રવૃતિ થવાનો સંભવ છે. જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર ખતરો ઉદભવી શકે છે. સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં બજારમાં બીન અધિકૃત રીતે વેચાણ તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ (પોશાક) તથા અન્ય ચીજ વસ્તુઓના વેચાણ તથા ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

આ હુકમ તા. ૨૪/૦૨/૨૦૨૫ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનારને કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

Volume : 10 Issue : 264 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002